વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

February -2025


# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# અહો! ધર્માત્માની દેહાતીત દશા!!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

અહીંયાં પોતાના (પૂજ્ય બહેનશ્રીના) અંગત જીવન ઉપરથી કોઈ વાત બોલાઈ હોય એ લખાણી છે કે, 'શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે.' એને માટે આમ કરવું ને તેમ કરવું ને આ દવા જોઈએ, ડૉક્ટર જોઈએ, ફલાણું જોઈએ... એ ધમાલ પસંદ પડતી નથી. રોગ છે એ પણ એના સ્વકાળે આવ્યો છે અને એના સ્વકાળે પૂરો થવાનો છે. એનેથી આત્માને જરાય નુકસાન નથી. શરીરનો રોગ ઉત્પન્ન થાય તો આત્માને જરાય નુકસાન થતું નથી. લોકો, જગત આખું રોગને નુકસાનનું કારણ માને છે, જ્ઞાની માનતા નથી. આત્માને એથી નુકસાન નથી. ઊલટાનું પૂર્વકર્મનો હિસાબકિતાબ ચૂકવાય જાય છે, લેણદેણ પૂરી થાય છે, એ ખાતું સરભર કરે છે. એમાં નુકસાન ક્યાં ગયું ? કરજ માથેથી ઘટ્યું એટલો બોજો હળવો થયો, એટલું બોજારહિતપણું થયું. એટલે શરીરનો રોગ મટાડવાની પણ પ્રવૃત્તિ (ગમતી નથી). બીજી પ્રવૃત્તિ તો એક બાજુ રહી, કોઈ વાર તો ખાવાપીવાની પ્રવૃત્તિમાં બોજો લાગે. કેમકે એ પણ ક્ષુધા નામના રોગનો ઉપચાર છે. આહારગ્રહણ છે એ ક્ષુધારોગનો ઉપચાર છે. જેમ બીજા રોગની દવા લઈએ એ ઉપચાર છે, એમ આ આહાર લેવો એ પણ એક દવા જ છે, બીજું કાંઈ નથી. એ પ્રવૃત્તિ પણ ન ગમે.

જુઓ ! લૌકિક અને અલૌકિક પરિણમનમાં બહુ મોટો ફરક છે ! લોકોને તો જમવાની અંદર ઘણી વાનગી હોય, ઘણી item હોય, વિધવિધતા હોય, જુદી જુદી જાતના સ્વાદવાળા વ્યંજન હોય ત્યારે એને એમ લાગે કે, બહુ સરસ, લ્યો ! આ બહુ સરસ ! એને કાંઈક સંતોષ થાય કે તૃપ્તિ થાય. ત્યારે વૈરાગ્યવાન જીવને, જ્ઞાનીની તો જુદી વાત છે (એમનું તો) અલૌકિક પરિણમન છે, પણ વૈરાગ્યવાન જીવને પણ અનેક પ્રકારની આહારની વાનગીમાં ઉપયોગ ઘુમાવવો પડે, ઘડીક આ લેવું ને ઘડીક પછી આ લેવું, પછી તરત આ લેવું, કેમકે એકલી ચટણી કાંઈ પીવાય નહિ કે ખવાય નહિ, એને તો સાથે જ લેવી પડે. એકલું અથાણું કાંઈ ખવાય નહિ કે, ચાલો એકલું શાક ખાઈ લ્યો, પછી એકલું અથાણું ખાઈ લ્યો પછી એકલો પાપડ ખાઈ લ્યો. અમુક વસ્તુ તો સાથેને સાથે લેવાની પદ્ધતિ છે. તો એ જે ઉપયોગની અંદર ચંચળતા વધે છે, અનેક વિષયમાં ઉપયોગને દેવો પડે એ એને ગમતી વાત નથી.

મુમુક્ષુ : ખોરાક દવા પૂરતો હતો એમાંથી કેટલા જુદાં જુદાં વ્યંજન થઈ ગયા.


પૂજ્ય ભાઈશ્રી : હા, એ તો એક ખાલી પેટનો ખાડો પૂરવાની વાત છે, પણ એમાં પણ રાગી જીવોએ પાર વગરની એની એક દુનિયા જ ઊભી કરી નાખી છે એમ કહીએ તો ચાલે. જેટલું મિશ્રણ વધુમાં વધુ થાય એટલું જાણે (સ્વાદિષ્ટ) ! પછી હવે તો લોકો એ પણ જોતા નથી કે, આમાં કાંઈ વિરુદ્ધ આહાર છે

(અનુસંધાન પાના નં ૧૫ પર...)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૨૬, વર્ષ–૨૭, ફેબ્રુઆરી–૨૦૨૫

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'પરમાગમસાર' માંથી ચુંટેલા કહાનરત્ન કિરણો



વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે. પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે-શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે. લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે. પણ તેથી દ્રવ્ય પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બંનેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી. ૩૦.

*

પ્રશ્ન :– અનુમાન જ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરે તે અનુમાન જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય ?

ઉત્તર :– અનુમાન જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય નહિ. સમ્યક્જ્ઞાન સાથે આનંદ હોય છે. આનંદ સહિતના જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય. પ્રત્યક્ષ પૂર્વકનું અનુમાન જ્ઞાન હોય તેને સમ્યક્જ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ વિનાનું એકલું અનુમાન જ્ઞાન તે સમ્યક્જ્ઞાન નથી. પ્રવચનસારમાં (ગા. ૧૭૨) અલિંગગ્રહણના બોલમાં પ્રત્યક્ષ વિનાના એકલા અનુમાનજ્ઞાનનો વિષય આત્મા નથી તેમ કહ્યું છે. ૩૧.

*

પ્રશ્ન :– આત્માની સન્મુખ શી રીતે થવું ?

ઉત્તર :– પરની સામે જોવે છે તે સ્વની સામે જોવાથી સ્વસન્મુખ થવાય. અનંત અનંત જ્ઞાનાનંદ સામર્થ્યવાળી વસ્તુ છે તેનું જેવું અને જેટલું મહાત્મ્ય છે તેવું અને તેટલું મહાત્મ્ય તેના જ્ઞાનમાં આવે તો તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે. ૩૨.

*

ચૈતન્ય આત્માનો પ્રેમ કરવો. નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેને જોવો તે ધર્મ છે. ભગવાન (આત્મા) દેહની જેમ અપવિત્ર નથી. આનંદરસ પ્રભુ છે પણ તેની ખબર નથી. એટલે બહાર ભટકે છે કે જાણે યાત્રાથી કે પૂજાથી મળી જશે. ભગવાન અંદરમાં બિરાજે છે તેને બહાર વિકલ્પો ને રાગની ક્રિયામાં (અજ્ઞાની) શોધે છે. ૩૩.

*

આત્મા જેવડો ને જેટલો મહાન પદાર્થ છે એવડો મહાન માનવો તે જ આત્માની દયા પાળવારૂપ સમાધિ છે. અને એવા મહાન આત્માને રાગાદિ જેવડો માનવો કે મતિજ્ઞાન આદિ ચાર અલ્પજ્ઞ પર્યાય જેવડો માનવો તે આત્માની હિંસા છે. ૩૪.

*

આગમ પદ્ધતિને અજ્ઞાની જાણે છે પણ અધ્યાત્મપદ્ધતિના વ્યવહારને પણ જાણતો નથી. તે કર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે, પણ શુદ્ધ જ્ઞાનચેતનારૂપ વસ્તુને શ્રદ્ધતો નથી. કારણ કે તે સદાય સ્વ પર ભેદવિજ્ઞાનને અયોગ્ય છે તેથી કર્મબંધન છૂટવાના કારણભૂત જ્ઞાનમાત્ર એવા ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. ભોગના હેતુભૂત શુભકર્મને જ ધર્મ જાણી શ્રદ્ધાન કરે છે. ૩૫.

*

ચોથા ગુણસ્થાને વિષય-કષાયના પરિણામ હોય છતાં તે સમ્યગ્દર્શનને બાધા કર્તા નથી અને સમ્યગ્દર્શન ન હોય છતાં અનંતાનુબંધી આદિ કષાયની મંદતા હોય છતાં મિથ્યાત્વના પાપને બાંધે છે. કેમ કે તેને સ્વભાવનો આશ્રય હોતો નથી. કોઈને (સમ્યગ્દષ્ટિને) (અપ્રત્યાખ્યાનના) કષાયની ઘણી તીવ્રતા હોય છતાં તેને ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છે. કોઈને બાર અંગનું જ્ઞાન હોય તેથી કાંઈ સમ્યગ્દર્શન વિશેષ નિર્મળ હોય ને કોઈને ક્ષયોપશમ થોડો હોય તેથી સમ્યગ્દર્શનમાં નિર્મળતા ઓછી હોય એમ નથી. સમ્યગ્દર્શનના પરિણામ આત્માનો આશ્રય લઈને સ્વતંત્ર પ્રગટ થાય છે. વિષય-કષાયના પરિણામ હોય તે સમ્યગ્દર્શનને બાધા કરતા નથી પણ વિશેષ સમાધિ (નિર્મળતા) થઈ શકતી નથી. ૩૬.

*

પ્રશ્ન :- શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે ?

ઉત્તર :- શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે. તેથી એ બેમાં મોટો ફેર છે, અનંતગણો ફેર છે. ૩૭

*

(જો) કોઈ આકરી પ્રતિકૂલતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર પરમાનંદસ્વરૂપ દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. ૩૮.

*

રાગથી ભિન્ન આત્માનું એકત્વ સદાકાળ અંતરમાં પ્રકાશમાન છે પણ રાગની એકતાથી એની દ્રષ્ટિમાં ઢંકાઈ ગયું છે તેથી દેખવામાં આવતું નથી. રાગ છે તે હું છું ને શુભરાગથી મને લાભ થાય છે એ માન્યતા જ આત્માનું અત્યંત અહિત કરનારી છે. વિસંવાદ ઊભો કરનારી છે, આત્માનું બૂરૂં

કરનારી છે. ૩૯.

*

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહ્યું છે કે, જે વ્યવહારને પકડે છે તે જીવ દેશના સાંભળવાને લાયક નથી, કેમ કે અમારે સંભળાવવું છે પરથી ભિન્ન આત્માના એકત્વરૂપ નિશ્ચયને, એ નિશ્ચય સ્વરૂપને તો ગ્રહણ કરતો નથી ને એકલા વ્યવહારને જ પકડે છે તે દેશના સાંભળવાને પાત્ર નથી. ૪૦.

*

અજ્ઞાની સુખને ઈચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા ! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઈચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે. ૪૧.

*

આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છે ને :– ‘ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતા નહિ વાર.’ જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો ! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે, અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૪૨.

*

સમયસાર ગાથા ૪૫ મા આઠ કર્મના ફળને દુઃખરૂપ કહ્યા છે. શાતાના ફળને પણ દુઃખરૂપ કહ્યા છે. આ તો જેને ચારગતિમાં બધુંય દુઃખ લાગ્યું હોય તેને માટે આ વાત છે. પ્રતિકૂળતાથી દુઃખ લાગે તે નહિ, સ્વર્ગ પણ જેને દુઃખરૂપ લાગે છે તેને માટે આ આત્મહિતની વાત છે. ૪૩.

*

લસણ–ડુંગળીની રાઈ જેટલી કણીમાં અસંખ્ય ઔદારિક શરીર હોય છે ને એક શરીરમાં અનંત જીવ હોય છે એવા તો તેં અનંત ભવ કર્યા. એ કેમ કર્યા ? – કે આત્મા ‘જ્ઞ’ સ્વભાવી વસ્તુ છે. આત્મા જેવી વસ્તુ છે તેવી તે રીતે ન ભાસી ને તેનાથી વિરૂદ્ધ ભાવ તે પણે હું છું. પુણ્યપાપના વિકારપણે હું છું એમ માનીને તેના ફળમાં એવા અનંત ભવ કર્યા છે. ૪૪.

*

(આત્મા) વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એનું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે. તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી. રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે. પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી. ૪૫.

*

આ નિયમસાર શાસ્ત્રની ટીકામાં કહેલા ભાવોનું–વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી. પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી – એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના

આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેથી તેને પરસ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો ! આ વાત આપની જ છે. ૪૬.

*

(સમયસાર) સંવર અધિકારમાં તો એમ કહ્યું છે કે, જાણનક્રિયા તે આધાર છે ને દ્રવ્ય તે આધેય છે. ત્યાં આશ્રયની (અવલંબનની) વાત નથી. પણ શેમાં–કોનામાં જણાય છે તે અપેક્ષાની મુખ્યતાથી ત્યાં વાત છે. ધ્રુવ વસ્તુ પોતે ધ્રુવ વસ્તુને જાણતી નથી. પણ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે તેમ દર્શાવ્યું છે. તેમ અહીં પણ એમ કહ્યું કે સ્વાનુભૂતિથી વસ્તુ પ્રકાશે છે એટલે કે અનુભૂતિની પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. પરંતુ અનુભૂતિની પર્યાયની દ્રષ્ટિ કરવાથી ધ્રુવ વસ્તુ પ્રકાશે છે, એમ અહીં કહેવું નથી. નિર્મળ પર્યાય વસ્તુનો આશ્રય કરે છે. ત્યારે તે નિર્મળ પર્યાયમાં વસ્તુ જણાય છે. જાણનારી પર્યાય હોવાથી પર્યાય દ્વારા દ્રવ્ય પ્રકાશે છે. તેમ કહ્યું છે. ૪૭.

*

દ્રવ્યદ્રષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણ જ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય–ગુણ–પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ–દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ ? દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતા રૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે આ નયોના કથનનું પ્રયોજન છે. ૪૮.

*

ઈશ્વરનયનું તાત્પર્ય એમ છે કે, પરને વશ થવારૂપ પરતંત્રતા તેં તારી સ્વતંત્રતા વડે ઊભી કરી છે, માટે તે પરવશતા પણ તું તારા સ્વતંત્ર સામર્થ્ય વડે તોડી શકીશ. તારી પરતંત્રતાના નાશ માટે તારે પર સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી. ૪૯.

પોતે વિકારરૂપે, રાગરૂપે પરિણમતો હતો. તેનો સ્વતંત્રપણે નાશ કરી શકવારૂપ ધર્મનો ધારક આત્મદ્રવ્ય છે. જેમ સ્વયં કર્મને વશ થઈને વિકારરૂપ પરિણમવાનો એક ધર્મ છે તેમ વિકારને નાશ કરવાનું પણ સ્વતંત્ર સામર્થ્ય જીવનું પોતાનું જ છે. વિકારને સ્વતંત્રપણે નાશ કરવાનો ધર્મ પણ જીવે ધારી રાખ્યો છે. કર્મનો ઉદય મોળો પડે ત્યારે વિકારનો નાશ કરી શકે. અથવા પ્રકૃતિ મોળી પડે ત્યારે જીવ પુરૂષાર્થ કરી શકે, તે વાત તદ્દન જૂઠી છે. ૫૦.

*

નય શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે જો અંદર દ્રષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું આલંબનનું જોર સતત વર્તતું હોય. ધ્રુવસ્વભાવના આલંબનનું બળ જ્ઞાનીને સદૈવ વર્તતું હોવાથી તેનું જ્ઞાન સમ્યક્પ્રમાણ છે. ૫૧.

*

શુદ્ધ ચૈતન્યધ્રુવના ધ્યાને જેને સમ્યક્જ્ઞાન પ્રગટ્યું છે તેવા જીવને આવી પર્યાયની યોગ્યતાઓ

હોય છે. (અનેક પ્રકારની) તેવું જ્ઞાન થાય છે. પણ તે તે ધર્મોના જ્ઞાનથી કે તેના અવલંબનથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. આવા વિવિધ ધર્મોનું જ્ઞાન કરીને સાધક જીવને સદૈવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવનું જ દ્રવ્યસ્વભાવનું જ અવલંબન હોય છે. ૫૨.

*

અહો ! સંતો કેટલી કરુણાપૂર્વક આવા ગહન વિષયને સમજાવી રહ્યા છે. જ્ઞાનથી મુક્તિ થાય એ વાત સાચી છે પરંતુ તે પણ પર્યાય છે. માટે તે માત્ર જાણવાયોગ્ય છે. ધ્યાનના વિષયમાં વિવેકને–જ્ઞાનને (પર્યાયને) લેવાનો નથી. ધ્યાનનો વિષય તો અખંડ ચિદાનંદસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો પણ જેમાં અભાવ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ સાધકનું ધ્યેય છે. તેના આશ્રયે જ મોક્ષમાર્ગની શુદ્ધ પર્યાય પ્રગટે છે. અને તેનાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૫૩.

*

પ્રશ્ન :- (વ્યવહાર અને નિશ્ચય) બે નયોને જાણવાનું કહ્યું છે ને ?

ઉત્તર :- જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે. પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્યદ્રવ્ય છે તે જ આશ્રય કરવા યોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવાપણું માની લેતાં દૃષ્ટિની વિપરીતતા થાય છે. ૫૪.

*

(દરેકને) દેહ છૂટવાનો કાળ સમયે સમયે નજીક આવી રહ્યો છે. જો વાસ્તવિકપણે એ દેહને નહિ છોડે તો દેહ છૂટવા ટાણે ખરેખર એણે દેહને છોડ્યો નથી પરંતુ દેહે એને છોડ્યો છે. આગમમાં જેવું વસ્તુસ્વરૂપ કહ્યું છે એના સમ્યક્ નિર્ણય વિના એ વાસ્તવિકપણે દેહને છોડી શકશે નહીં. ૫૫.

*

તારા સ્વભાવ સિવાય ભાઈ ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ હશે તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે. માટે હે ભાઈ ! સમજીને પરની મીઠાશ છોડ. ૫૬.

*


પોતાના આનંદ નિધાનને ભૂલેલું અને આત્માના અતીન્દ્રિય આનંદને નહિ પામેલું આખું જગત ભીખારી છે. કેમ કે ધન આદિ વિષયો પાસે તે આનંદની ભીખ માગી રહ્યું છે. સંતો તેને સંબોધે છે કે, અરે ! વિષયોના ભીખારી ! તું તો ચૈતન્ય રાજા છો. રાજા થઈને તું ભીખ કાં માગ ? તારામાં તો આતીન્દ્રિય આનંદનાં નિધાન ભરેલાં છે, તું ઈન્દ્રિય-વિષયો પાસે ભીખ ન માગ. જરા શરમા ! ભીખારીપણું છોડીને તારા આનંદ-નિધાનને સંભાળીને અતીન્દ્રિય આનંદનો ભોક્તા બન. ૫૭.

*

આનંદરસના રસિયા મુનિ કરુણા કરીને એમ કહે છે કે રે આંધળા ! તું આંધળો છે, કેમકે જે છતી ચીજ–તારું આત્મસ્વરૂપ છે તેને તું જોતો નથી ને તારી નજર પુણ્ય-પાપ ને તેના ફળમાં છે માટે આંધળો છો. ભલે શાસ્ત્ર જાણતો હોય કે મહાવ્રતાદિની ક્રિયા પાળતો હોય પણ તે આંધળો છે, કેમ કે જેમાં અનંત આનંદ ને શાંતિ પૂર્ણ ભરેલી છે તેને તે ભાળતો નથી–દેખતો નથી. ૫૮.

*

# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૩૩૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન



## પત્રાંક–૩૩૨

મુંબઈ, ફાગણ સુદ ૪, બુધ, ૧૯૪૮

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે, તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે.

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત. પત્રાંક - ૩૩૨ - પાનું - ૩૧૮. અંબાલાલભાઈ ઉપર લખાયેલો પત્ર છે. મુમુક્ષુની યથાર્થ ભૂમિકા સંબંધી આ પત્રનો વિષય છે. *'આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે.'* મુમુક્ષુપણું ક્યા પ્રકારે છે ? એ (વિષયમાં) બહુ શરૂઆતની વાત કરી છે. જે આરંભ અને પરિગ્રહમાં તીવ્ર રસ આવે છે તેનું કારણ 'પોતાપણું' છે. 'આ મારું છે, મને લાભનું કારણ છે, મને સુખનું કારણ છે, મને અનુકૂળતાનું કારણ છે' એવું જે પોતાપણું છે અને તે સંબંધીનો ઈષ્ટપણાનો ભાવ તે વ્યામોહ છે – મોહ છે. એ પરિણામ મંદ થાય, તેનો રસ મંદ થાય તે પ્રકારે મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. આમ લીધું છે.

સંસારી જીવ જ્યાં ઊભો છે, જેની વચ્ચે ઊભો છે ત્યાં એ તીવ્ર મમત્વ કરે છે. તીવ્ર મમત્વ કરે છે એ જ એને પોતાના (આત્મકલ્યાણની) દિશા તરફ વળવામાં પ્રતિબંધ કારણ છે, અવરોધરૂપ કારણ છે. એને (આત્મકલ્યાણ કરવામાં) કોણ રોકે છે ? સામાન્યપણે કોઈપણ મુમુક્ષુને પૂછીએ કે 'ભાઈ ! આત્મકલ્યાણ કરવું છે કે નહીં ?' તો ઉત્તર એમ મળશે કે, 'આત્મકલ્યાણ તો કરવું જ હોય ને ! એમાં પ્રશ્ન શું હોઈ શકે કે, આત્મકલ્યાણ કરવું છે કે નથી કરવું ? આત્મકલ્યાણ તો સૌને કરવું જ હોય' પણ એવી ઈચ્છામાત્રથી કામ થતું નથી. પોતે જ્યાં ઊભો છે – જે સ્થિતિમાં ઊભો છે એ સંયોગોમાં પોતે કેટલું મમત્વ કરે છે, કેટલું પોતાપણું કરે છે ! મમત્વ કરે છે એટલે પોતાનો કેટલો ભાવ રાખે છે. એવા પોતાપણાના પરિણામનો રસ મંદ થાય – એ પરિણામ

મંદપણાને પામે ત્યારે મુમુક્ષુતા વર્ધમાન થાય છે. (જીવ) એક બાજુથી મમત્વ કરે, ઘરે-દુકાને જઈને તીવ્ર મમત્વ કરે અને (બીજી બાજુ) મંદિરમાં આવીને પૂજા, ભક્તિ, સ્વાધ્યાય કરે ! (અને એમ માને કે) અમે તો બન્ને કરીએ છીએ - આત્મકલ્યાણ માટે શાસ્ત્ર સ્વાધ્યાય, પૂજા-ભક્તિ, દયા, દાન કરીએ છીએ. બાકી સંસારમાં તો બધું સંસારની રીતે કરવું જ પડે, કરવું જ જોઈએ. કરવું પડે એટલે કરવું જોઈએ - કરવાની ફરજ છે. (એમ માનીને કરે).

મુમુક્ષુ :- શાસ્ત્ર કહે છે, ભૂમિકા અનુસાર રાગ-દ્વેષ તો થાય !

પૂજ્ય ભાઈશ્રી :- ભૂમિકા અનુસાર તો રાગ-દ્વેષ થાય - એ પણ શાસ્ત્ર કહે છે અને આપણને પણ આપણી ભૂમિકા અનુસાર થાય છે (એમ કહીને) અનુમોદન આપે. (અને એમ માને છે કે મેં) શાસ્ત્રકારને અનુમોદન આપ્યું ! (પણ શું) શાસ્ત્રકારને અનુમોદન આપ્યું છે ? શાસ્ત્રકાર તો ના પાડે છે. (એ એમ કહે છે કે) એ ભૂમિકામાંથી તું આગળ વધ ! તારી જે મુમુક્ષુની ભૂમિકા છે - એ ભૂમિકા વર્ધમાન થાય, મુમુક્ષુતા વૃદ્ધિગત થાય એના માટે રાગ-દ્વેષ થવાનું અનુમોદન અનુકૂળ નથી. એ તો પ્રતિકૂળ પરિણામ છે. એવું તો સૌ કરે જ છે. સામાન્ય રીતે સંસારમાં સાધારણ રીતે સૌ પોત-પોતાના સંયોગમાં-સંગ-પ્રસંગમાં પોતાપણાના મમત્વભાવે વર્તે જ છે. હવે મુમુક્ષુ પણ એમ જ વર્તે તો બીજા (સંસારીમાં) અને એનામાં કેમ ફેર પડશે ?

(કૃપાળુદેવે ૩૨૨ પત્રમાં) મથાળું બાંધ્યું છે ને? *'લૌકિકદૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિકદૃષ્ટિએ કોણ પ્રવર્તશે ?'* પછી (બીજે તો) આ વિષય ક્યાંય નથી. આત્મામાં આત્મત્વ કરવું અને આત્મા સિવાય અન્ય પદાર્થોને વિષે આત્મત્વ ન કરવું. એ કાર્ય એ પ્રકારે અસ્તિ-નાસ્તિથી કરવાનું છે અથવા મુમુક્ષુતા વર્ધમાન થતી નથી, વર્ષો જાય છે છતાં પોતે ત્યાંનો ત્યાં છે, એમ લાગે છે - એનું કારણ શું ? જો અવલોકન કરે અને તપાસ કરે છે તો એને ખબર પડે કે હું મારા સંયોગોને વિષે પોતાપણું કરવામાં તો કાંઈ ફેરફાર કરતો નથી. જે જગ્યાએ (મારે) ફેરફાર કરવો જોઈએ એ જગ્યાએ તો હું કંઈ ફેરફાર કરતો નથી. અને બીજું બધું કરું છું એ તો કરું જ છું કે, આ શાસ્ત્રો વાંચુ છું, પૂજા-ભક્તિ કરું છું, દયા-દાન કરું છું - (આ) બધું તો કરું જ છું. (પણ) એ બધું ધોવાય જાય છે. એવું જે કંઈ કરવામાં આવે છે એ બહુ અલ્પ માત્રામાં કરવામાં આવે છે અને ૨૪ કલાક જે મમત્વના તીવ્ર રસના પરિણામ છે એ તો એટલા બધાં કરવામાં આવે છે કે બન્નેનો હિસાબ-કિતાબ મૂકીએ તો (પૂજા-ભક્તિ આદિના પરિણામ) તો કંઈ ઊભા રહી શકે એમ નથી. (મમત્વના પરિણામની સામે) ટક્કર ઝીલી શકે એવી કોઈ વાત નથી.

મુમુક્ષુ :- આ વાત સ્મૃતિમાં પણ રહેતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ એ થાય છે કે (એ મમત્વના પરિણામમાં) કેટલી તીવ્રતા આવે છે!! સમયસારમાં ૩૮ ગાથા પૂરી કર્યા પછી જયચંદજી પંડિતે કેટલીક વાતો લખી છે. વાત તો બીજા કોઈ કારણની લખી છે પણ (લખતાં-લખતાં) બીજી વાત ઉપર આવી ગયા છે. (લખે છે) આ નાટક સમયસાર છે. નાટકની અંદર શૃંગારાદિ આઠ રસ હોય છે. (તે બધાંમાં) સૌથી ઉત્કૃષ્ટ રસ તો શાંતરસ છે. તે સર્વ રસનો રાજા છે. નાટક શબ્દને લક્ષમાં રાખીને આવી બધી ચર્ચા શરૂ કરી છે. એમાંથી 'રસ' ઉપર ઉતરી ગયા છે. આ આઠ રસ ને નવ રસમાં રસ શું છે ? (એમ કહીને) એમણે રસની પરિભાષા બાંધી છે. આપણે ત્યાં પણ આ પ્રશ્ન ઊઠે છે કે, રસ ક્યા ગુણની પર્યાય છે? (તો કહે છે) જ્ઞાનમાં જે જ્ઞેય આવતાં તે જ્ઞેયને વિષે લીનતાના-મગ્નતાના એવા પરિણામ થાય

કે ત્યારે બીજું બધું વિસ્મૃત થઈ જાય, બીજી કોઈ ઈચ્છા ન રહે, એને રસ પરિણામ કહેવામાં આવે છે. આવી પરિભાષા કરી છે. એટલે ગુણભેદથી વિચારીએ તો જ્ઞાનમાં કોઈપણ જ્ઞેય આવતાં – જણાતાં તે જ્ઞેયને વિષે એવી લીનતાના પરિણામ ઉત્પન્ન થાય, એવી લીનતા રહે કે જેને લઈને બીજી ઈચ્છા ન રહે – જેને લઈને બીજી ઈચ્છા ન થાય ! એને રસ કહે છે.

આપણે અવલોકનનો મુખ્ય વિષય એ છે કે, પોતાના રસનું અવલોકન કરવું. જ્યાં સુધી આત્મામાં આત્મબુદ્ધિ નથી થતી ત્યાં સુધી દેહાદિથી માંડીને બધાં સંયોગોમાં જીવને મમત્વ થશે – પોતાપણું થઈ આવશે. (એ મમત્વ) કેટલા રસથી થાય છે એના ઉપર એનું બળવાનપણું છે. જેટલો રસ તીવ્ર એટલું તે પરિણામની શક્તિનું બળવાનપણું! તે પરિણામની અંદર વિશેષ શક્તિ છે. પરિણામની શક્તિ પરિણામના રસમાં છે. (આમ) તીવ્ર રસ થાય છે. (સમયસારમાં) બંધ અધિકારમાં વિભાવરસને બંધ તત્ત્વ નામ આપ્યું. નવ તત્ત્વમાં તત્ત્વદૃષ્ટિએ બંધનું સ્વરૂપ વિચારવામાં આવે તો વિભાવરસ અથવા રાગરસને બંધ કહ્યો છે. કેમકે ત્યાં ભાવબંધ લઈએ તો જીવ ભાવથી એવો બંધાય છે કે, એવા રસવાળા પરિણામમાં બીજી કોઈ સ્મૃતિ નથી રહેતી. 'હું આત્મા છું,' 'હું જ્ઞાયક છું' એવું હજારવાર વાંચ્યુ હોય, સાંભળ્યું હોય, વિચાર્યુ હોય (તે) ક્યાં ચાલ્યું જાય છે (એની) ખબર રહેતી નથી. કારણ શું છે ? કે આ રસ તીવ્ર થઈ ગયો. પરમાં પોતાપણાનો રસ તીવ્ર થયો. પરમાં પોતાપણાનો અનુભવ રસ (એટલે) અનુભવ કરતા હોવાનો રસ તીવ્ર થઈ ગયો. આ રસ આત્માને મારે છે, બસ!

મુમુક્ષુ :- અવલોકનની વાત વિચારમાં આવે તે પહેલા તો પોતે ખેંચાય ગયો હોય છે !

પૂજ્ય ભાઈશ્રી :- એટલા માટે તો એનું બહુ જોરથી વજન આવવું જોઈએ. જન્મ-મરણનો પ્રસંગ હોય તો માણસ કેટલો ગંભીર થઈ જાય ! એક મરણનો પ્રસંગ હોય તો માણસ કેટલો ગંભીર થઈ જાય ! એટલી તો (આ) વિષયની ગંભીરતા આવવી જોઈએ. નહીંતર તો કંઈ હાથમાં રહે એવું નથી. – ઉદય આવ્યો નથી (કે) અંદર ઉલઝીને ડૂબ્યો નથી – પડ્યો નથી ! કેમકે એ જ સમયે (રસ) ચાલુ થાય છે – બીજો સમય નથી લાગતો. જ્ઞાનમાં જ્ઞેય આવે તે જ સમયે તીવ્ર રસના પરિણામ થાય, તે જ સમયે તે રસમાં લીન થઈ જાય – ડૂબી જાય. એને બીજો સમય નથી લાગતો – એ જ સમયે (રસ) ચાલુ થઈ જાય છે. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- રુચિ અને રસ સાથે જ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, રુચિ અને રસ સાથે જ કામ કરે છે. (બન્ને) અવિનાભાવી હોય છે. (આમ તો) જુદા-જુદા ગુણની પર્યાય છે. રુચિ શ્રદ્ધાના ભેદમાં જાય છે અને રસ જ્ઞાનપૂર્વક ચારિત્રના ભેદમાં જાય છે. પણ સંસારદશામાં એક સાથે ત્રણે (ગુણ) – શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું ઊંધું કામ જોરથી થાય છે.

અહીંયા ૩૩૨ (પત્રમાં) તો શ્રીમદ્જીએ એટલું જ લીધું છે કે, *'આરંભ અને પરિગ્રહનો જેમ-જેમ મોહ મટે છે,..'* જેમ જેમ મોહ મટે છે એટલે પોતાપણાની પકડ ઢીલી થાય છે. અહીંયા એટલી વાત લેવી. જે પકડથી આરંભ-પરિગ્રહના પરિણામમાં વર્તે છે – પ્રસંગમાં વર્તે છે, તેની પકડ ઢીલી થાય છે. (એને એમ લાગે છે કે) આ મને નુકસાનનું કારણ છે, આ જ મને બંધનનું કારણ છે, આ જ મને પરિભ્રમણનું કારણ છે. આમાં બહુ મોટુ નુકસાન રહેલું છે. એવી (રીતે) જો એના પરિણામમાં મંદપણું થાય તો મુમુક્ષુતાની વૃદ્ધિ થાય. મુમુક્ષુતાની વૃદ્ધિ થાય તો કોઈ એક તબક્કે જ્ઞાનદશામાં પ્રવેશ થાય. પણ મુમુક્ષુતા જ ન આવે અથવા અલ્પ મુમુક્ષુતા હોય (અને) ત્યાં ને ત્યાં પડ્યો રહે, (તો) બહુભાગ

તો જીવ પાછળ જ જાય છે. આગળ જતો હોય તો તો બહુ સારી વાત છે. પણ લગભગ તો જીવ પાછળ જાય છે સમય જેમ-જેમ જાય છે તેમ-તેમ (પાછળ જાય છે).

અહીંયા (મુમુક્ષુતા વર્ધમાન થવાનો) ઉપાય બતાવ્યો છે. મુમુક્ષુતા વર્ધમાન થવા અર્થે અથવા જ્ઞાનદશામાં પ્રવેશ થવા અર્થે, પોતાના ઉદયના સંગ-પ્રસંગમાં જે કંઈ આરંભ-પરિગ્રહનો પ્રકાર વર્તે છે, તેમાં પોતાપણાના પરિણામનો રસ ઠંડો થઈ જવો જોઈએ. લોકો જેને લાભ કહે છે (એવો) ગમે તેટલો (લાભ થવાની) પરિસ્થિતિ ઊભી થાય તો એ જ વખતે એમ વિચારે કે, આત્મામાં શું આવ્યું ? અને લોકો જેને નુકસાન થઈ ગયું એમ કહે (એવો) ગમે તે પ્રકાર (ઊભો થાય), આ માણસ લૂંટાઈ ગયો એમ કહે (છે), (ત્યારે એમ વિચારવું કે) મારા આત્મામાંથી શું ગયું ? (એમ) સીધો અવલોકનમાં આવે (અને) તપાસ કરે કે, આમાં (મારામાંથી) શું ગયું ? (તો) એનો જે રસ છે એ તીવ્ર ન થાય. અને જેમ-જેમ એ મોહ મટે છે એટલે (કે) પકડ ઢીલી થાય છે, તેમ-તેમ મુમુક્ષુતા વર્ધમાન થાય છે.

સંયોગો ઉપરની પકડ એવી ને એવી તીવ્ર રહે (અને બહાર) ગમે તે (ધર્મસાધન) કરે તો પણ એની મુમુક્ષુતામાં કંઈ ફેર પડતો નથી. એમ કહેવું છે. એ પોતાપણાનું અભિમાન, *'અનંતકાળના પરિચયવાળું એ અભિમાન....'* છે. એનો ઘણો અનુભવ છે. 'પરિચય છે' એટલે ઘણો ગાઢ પ્રકારનો સંબંધ છે, એ બધાં અભિમાનના – પોતાપણાના પ્રગાઢ પરિણામ છે. (એટલે તે અભિમાન) *'પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી.'* એને (મોળું પાડવાની) **practice** કરવાની પરિસ્થિતિ ઊભી થાય, લાંબા કાળ સુધી એની **practice** થાય, ત્યારે એ નિવૃત્ત થવાની પરિસ્થિતિ આવે છે. એમ ને એમ સીધું કંઈ (એ અભિમાન) નાશ પામશે નહીં. (આમ તે) *'પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી.'*

*'તેટલા માટે, તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે;...'* જ્ઞાની પ્રત્યેના સમર્પણમાં બે પ્રકાર છે. એક તો પોતાને જ્ઞાનીનો મહિમા ભાસ્યો છે. એટલે એમના પ્રત્યે સમર્પણબુદ્ધિ આવે છે. પણ પોતાને ખ્યાલ છે કે જ્ઞાની તો (કોઈપણ પ્રકારની) અપેક્ષા રાખતા નથી, સ્પૃહા વિનાના છે, એમની અંતરંગ સ્થિતિ નિસ્પૃહ છે; તો સમર્પણ કરવામાં શું ? બીજું પડખું એ છે કે, (મુમુક્ષુને ત્યારે એમ થાય છે કે) મારે તો મમત્વ મટાડવું છે કે નહીં ? માત્ર સમર્પણનો સવાલ નથી. (પરંતુ) એની અંદર મારું જે પોતાપણું છે, મારો જે અધિકાર છે – એ મારે છોડવો છે, એટલા માટે સમર્પણ કરવામાં આવે છે. (આમ) બે પડખાં લીધા છે. એક જ્ઞાની સંબંધી મહિમાનું કારણ છે (અને) પોતા સંબંધી વિચારવામાં આવે તો પોતાને એના ઉપરની પકડ ઢીલી કરવી છે. પકડ એમ ને એમ રાખે અને જ્ઞાનીનો મહિમા કરે તોપણ એ બધું નિષ્ફળ જાય છે, એ બધું ધોવાય જાય છે. એટલે અહીંયા અસ્તિ-નાસ્તિ બન્ને (બાજુથી) અને સ્વ-પર બન્નેની દિશામાં કેવી રીતે કાર્ય કરવું, બન્ને દિશામાં કેવી રીતે આગળ વધવું – એ વાત છે.

મુમુક્ષુ :- ધનના સમર્પણને જ સમર્પણ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, એવું કંઈ નથી – તન, મન અને ધન એમ લીધું છે.

મુમુક્ષુ :- સમર્પણ કરતી વખતે એ વિચારતો નથી કે, લાવ જોવા દે આ તન-મન-ધન મારા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ધનનું સમર્પણ કરે છે ત્યારે એવી રીતે વિચાર કરે છે કે આ મારું નથી એમ કરીને વિચાર કરે છે ? વિચાર તો એમ કરે છે કે, આ મારું છે એમાંથી આપું છું. મારું જેટલું છે એમાંથી અમુક

ટકા મારે આપવું જોઈએ. બધું દઈ દઈએ તો પછી આપણે (જીવન વ્યવહાર) કેવી રીતે ચાલે ? માટે થોડુંક તો એમાંથી આપણે આપવું જોઈએ. પણ મારાપણું રાખીને ! એમાંથી (પોતા માટે અમુક) ટકા કાઢીને ! એ કોઈ સમર્પણ કરવાનું લક્ષણ નથી. સમર્પણબુદ્ધિનું એ લક્ષણ જ નથી.

મુમુક્ષુ :- તો પછી તન-મન-ધનનું સમર્પણ કેવી રીતે કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- સમર્પણનો અર્થ છે કે (એમાંથી) પોતાપણું મૂકવું છે. બહારમાં જ્ઞાની તો પોતાને (માટે) સર્વસ્વ છે - સર્વસ્વપણે છે. (જ્ઞાનીને) પોતાને તો (કંઈ) અપેક્ષા નથી, આવશ્યકતા નથી, જરૂર નથી; ત્યારે તો એ જ્ઞાની થયા છે. મમત્વ રાખીને (જ્ઞાની) થયા છે કે મમત્વ છોડીને થયા છે ? એ તો મમત્વ છોડીને (જ્ઞાની) થયા છે. એ (પોતે) તો માર્ગના પ્રકાશ અર્થે તન-મન-ધનનો કોઈ ઉપયોગ થતો હોય તો સૂચન કરે છે, આંગળી ચીંધે છે. અનેક જીવોને આત્મકલ્યાણના માર્ગે ચડવાના કોઈ નિમિત્તો ઊભા થાય, નિમિત્તોનું સર્જન થાય - એવો એ માર્ગ ચીંધે છે કે, આ કરવા જેવું છે - અહીંયા આ છે તો આ કરવા જેવું છે, આ કરવા જેવું છે. (બહારમાં એમ) થવું ન થવું એ કુદરતને આધીન છે.

મુમુક્ષુ :- ધનનું સમર્પણ તો ખ્યાલમાં આવે છે, તનનું અને મનનું સમર્પણ કેવી રીતે હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- તનના (સમર્પણમાં) તો પોતાના મન, વચન, કાયાના યોગદાનનો સવાલ છે. કોઈ (એમ) કહે કે, (હું) પૈસા આપી દઉં પણ મારી પાસે વખત નથી. મારે ધંધો-વેપાર-કામકાજ એટલાં બધાં છે (કે મારી પાસે બીજું કામ કરવાનો સમય નથી). તમે કહો તો પાંચ-પચીસ હજાર, લાખ-બે લાખ-પાંચ લાખ લઈ જાઓ એનો (મને) વાંધો નથી પણ મારી પાસે વખત નથી. હું આવી નહીં શકું. તો ત્યાં એના તન અને મન બન્ને કામ કરતાં નથી. તન-મન-ધન તો ત્રણ શબ્દ છે. ખરેખર તો પોતે પૂરેપૂરો **surrender** થાય છે. (જે) જ્ઞાનીના ચરણમાં ગયો એ પૂરેપૂરો ગયો, અધૂરો ન ગયો. તન-મન-ધન એટલે પૂરેપૂરો ગયો, એમ અહીંયા કહેવું છે. 'મારી કોઈ સ્વતંત્ર ઇચ્છા નહીં. આપના વિકલ્પાનુસાર ચાલવું છે. પછી તનથી (સમર્પણ) કહો તો તનથી, મનથી કહો તો મનથી (અને) ધનથી કહો તો ધનથી (હું તૈયાર છું)'

આ તો એક **side** (પડખું) લીધી. જે આરંભ-પરિગ્રહમાં (અને) સંયોગમાં પ્રસંગમાં પોતે, (પરપદાર્થ) અન્ય હોવા છતાં પોતાપણું રાખીને પ્રવર્તે છે, એ દર્શનમોહ સહિતની પકડ છે. તારી એ પરપદાર્થ ઉપરની પકડ ઢીલી થવી જોઈએ. દર્શનમોહ મંદ થયા વિના સ્વરૂપ નિશ્ચય નહીં થાય અને અભાવ થયા વિના અનુભવ નહીં થાય, પૂજ્ય ગુરુદેવશ્રીનું આ ૨૦૩ નંબરનું વચનામૃત (સોનગઢ - નંદિશ્વર જિનાલયમાં) આરસમાં (કોતરાયેલું) છે.

તેથી મમત્વ મટાડવા અર્થે (સમર્પણ કરવું). બહુભાગ તો જીવ લોકોમાં દેખાવ કરવા માટે સમર્પણ કરે છે. 'હું આપું છું - હું આપનાર છું' - એમ લોકો પણ જાણે ! વળી ક્યાંય એમ પણ છળ પકડે કે, 'આમાં મારે મારી કંઈ પ્રસિદ્ધિ કરવી નથી. પણ બીજાને પ્રેરણા થાય ને એટલે હું જાહેરાત કરવાનું કહું છું' ! અંદર બીજી વાત હોય. ભાઈ ! આ કોઈ ચાલાકી કરવાનું ક્ષેત્ર નથી. આ કોઈ બુદ્ધિની ચાલાકી કરવાનું ક્ષેત્ર નથી. આ તો વક્ર પરિણામ થયા. આ તો સરળતાના પરિણામનો માર્ગ છે. 'હું આપુ છતાં લોકો એ જાણીને મારી વિશેષતામાં ગણે, એમ તો નહીં જ થવું જોઈએ. આપવાનો પ્રસંગ છે - અપાય છે તો પણ એથી લોકોને વિષે મારી મહત્તા નહીં ગણાવી જોઈએ. કેમકે (જેની) મહાનતા હોય એની

મહાનતા ગણાય એ વ્યાજબી છે. મારામાં તો હજી એવી કોઈ મહાનતા આવી નથી. લોકોની નજરમાં મોટાઈ ગણાય એવી કોઈ મારી સ્થિતિ નથી - મારા આત્માની (એવી કોઈ સ્થિતિ નથી.)' એમ (સરળ પરિણામી જીવ) સીધું લ્યે. (અને) તો બચે. એના બદલે લોકસંજ્ઞા પહેલા ઊભી થઈ ગઈ હોય (તો ક્યાંથી બચે ?) એટલે પોતાપણું ટાળવા અર્થે (સમર્પણ હોવું જોઈએ).

અહીંયા પોતાપણાને અભિમાન કહ્યું છે. 'પોતાપણાનું અભિમાન' કહ્યું છે. કેમકે ત્યાં અસ્તિત્વ સ્થાપે છે ને ! અસ્તિત્વ નથી છતાં (ત્યાં) અસ્તિત્વ સ્થાપે છે કે, 'આ મારું છે' એટલે અભિમાન લીધું છે. એ અભિમાનના ત્યાગ અર્થે જ્ઞાની પ્રત્યે સમર્પણ કરવામાં આવે છે. પ્રાયે જ્ઞાની કાંઈ તેને ગ્રહણ કરતા નથી. જ્ઞાની તો નિસ્પૃહ છે એટલે એને ગ્રહણ કરતા નથી. *'પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે;...'* (એ પણ એમ જ કહે છે કે) ભાઈ ! એમાંથી મમત્વ છોડવા જેવું છે. મારે કોઈ જરૂર નથી. અમે તો બીજો રસ્તો પકડ્યો છે. (અને) તમે પણ મમત્વ છોડીને આ રસ્તે આવો ! 'આ રસ્તે આવો' એમ નહીં પણ મમત્વ છોડીને આ રસ્તે આવો ! પોતાપણું મટાડીને આ રસ્તે આવો ! એમ ઉપદેશે છે. *'અને કરવા યોગ્ય પણ તેમ જ છે....'* જે જ્ઞાની કહે છે તેમ જ કરવા યોગ્ય છે - પોતાપણું મટાડવા યોગ્ય છે.

*'આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે...'* એટલે જે-જે અવાર-નવાર ઉદયના પ્રસંગો આવે (તે પ્રસંગોમાં). *'આરંભ પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાના થતાં અટકાવવાં;'* કેવી ભાષા લીધી છે ! *'કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે...'* (અર્થાત્) જે-તે પ્રસંગે (એટલેકે) એ જ વખતે અવલોકન કરે કે, આમાં મારાપણાનો ભાવ કેમ વર્તે છે ? કેવી રીતે વર્તે છે ? કેટલા રસથી વર્તે છે ? એમાં હું નથી છતાં (મારામાં) જ્ઞાનમાં (તે ચીજ પ્રત્યે) હું પણાનું - પોતાપણાનું - મારાપણાનું ભાસ્યમાન થવું કેમ થાય છે ? આ જ્ઞાન આવી ભ્રમણા કેમ કરે છે ? એ જ વખતે પકડે. પોતાના ઉદય વખતે પોતાપણું થાય છે એ ભાવને તપાસવો. (તપાસવો) એનો અર્થ શું ? અવલોકન કરવું એનો અર્થ શું ? કે કેમ આમ થયું ? આત્મા આત્મામાં છે. જાણવું - માત્ર જાણવું એટલું એનું સ્વરૂપ છે. જ્યાં હું નથી ત્યાં આ મારું એમ કેમ દેખાણું ? દા.ત. આ પરિવાર છે પરિવારના સભ્યોનું જ્ઞાનમાં જ્ઞેયપણું થાય છે. (પણ એમાં) 'આ મારું' એમ કેમ આવ્યું ? એ વખતે (આમ) પકડે. એમાં મારાપણાનો ભાવ કેમ થયો ? જ્ઞાનમાં આ ભ્રાંતિ કેમ ઉપજી ? કેવી રીતે ઉપજી ? આમાં શું કારણ છે ? (આમ જોવે ત્યાં) રસની પકડમાં ફેર પડ્યા વિના રહે નહીં. એ જ વખતે આ **practice** ચાલુ કરે તો એની પકડમાં ફેર પડ્યા વિના રહે નહીં. અંદરથી આવો ફેર પડ્યા વિના (ભલે) બધું કરે - ગમે તે કરે નહીં ! બધું કરે એમાં ગમે તે કરે, એનો કંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- તીવ્ર ઉદય વખતે પણ આવું કરી શકે?

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર ઉદય કોને કહેવો છે ? ભાવનો (તીવ્ર ઉદય) કહેવો છે ? કે પ્રસંગનો કહેવો છે ?

મુમુક્ષુ :- ઉદય વખતે ખ્યાલ પણ આવતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો ભાવમાં તીવ્રતા આવી ગઈને ? ત્યારે તો પોતે ભૂલી જાય છે. (ભાવમાં) તીવ્રતા આવે છે ત્યારે ભૂલી જાય છે. પણ ભૂલી જાય છે એ લાંબાકાળ સુધી ભૂલી જાય છે ? હવે આપણે એના પૃથ્થકરણમાં જઈએ. પરિણામનું **analysis** કરીએ. કોઈને તો (આખો પ્રસંગ) એમ ને એમ

ચાલ્યો જ જાય છે. પૂરેપૂરો ડૂબી જાય છે. પછી જ્યારે ભાવ મંદ પડે છે ત્યારે વિચાર આવે છે. કોઈએ (એવું) વિચાર્યું હોય છે (કે), પરિણામની તીવ્રતાને કારણે આ વાત જો ભૂલી જવામાં આવે તો બહુ મોટું નુકસાન છે – તો કોઈ તત્ક્ષણ જાગે, કોઈ થોડી ક્ષણ પછી જાગે, કોઈ થોડી મિનિટો પછી જાગે. એમ બને કે ન બને ? એ તો જેટલી પોતાની જાગૃતિ – એટલી મુમુક્ષુતા છે. મુમુક્ષુતા કેટલી ? કે જેટલી પોતાની જાગૃતિ (એટલી મુમુક્ષુતા) ! જો જાગૃતિ ન હોય તો મુમુક્ષુતા નથી, એમ માનવું. (જેટલી) જાગૃતિ એટલી મુમુક્ષુતા છે. સીધી વાત તો એ છે.

મુમુક્ષુ :– જાગૃતિ આવ્યા પછી કાર્યસિદ્ધિ થાય ખરી ?

પૂજ્ય ભાઈશ્રી :– ચોક્કસ થાય, ચોક્કસ થાય! થયા વિના રહે નહીં. સીધી વાત છે. એનો અર્થ શું થયો ? કે ઉદય તીવ્ર આવ્યો (અને) ભાવમાં પણ તીવ્રતા થઈ. એ તો એનો દુશ્મન છે ને ? તો દુશ્મનને માર્યો (એટલે ભાવમાં તીવ્રતાની મંદતા થઈ) – એ જ કાર્યસિદ્ધિ છે ! બીજી કાર્યસિદ્ધિ ક્યાં લેવા જવી છે ? એ વખતે તો એ જ કાર્યસિદ્ધિ છે. નવરો બેઠો હોય, શાસ્ત્ર વાંચે ત્યારે વિચાર કરે કે, શરીરમાં મમતા કરવી નહીં, પોતાપણું કરવું નહીં, આરંભ–પરિગ્રહમાં પોતાપણું કરવું નહીં. પણ તારી પાસે ત્યારે ક્યાં કોઈ (ઉદય) લડવા આવ્યું છે ? ત્યારે તો હવામાં લાઠી ફેરવે છે ! પણ (દુશ્મન) મારવા આવે ત્યારે લાઠી ફેરવવાની જરૂર છે. લડાઈ વખતે સામે લાઠી ફેરવે તો બચી શકે. બાકી અમસ્તો–અમસ્તો (લાઠીના) દાવ કર્યા કરે, એથી કંઈ એ (લડાઈ) વખતે કોઈ લાભનું કારણ નથી. ઠીક છે, થોડી **practice** થાય પણ જ્યારે ખરેખર એની જરૂર છે ત્યારે જો એનો ઉપયોગ ન થાય તો શીખેલું નકામું છે. લાઠી ફેરવતા શીખ્યો પણ (દુશ્મન) મારવા આવ્યો ત્યારે માર ખાધો ! (તો) એ કંઈ ખરેખર શીખ્યો નથી. એટલે જરૂર તો ત્યારે જ છે. ઉદય વખતે જ જરૂર છે.

અહીંયા એમ નથી કહેતા કે, તું શાસ્ત્ર વાંચીને આરંભ–પરિગ્રહમાં પોતાપણું નથી – એવો વિચાર કર્યા કરજે. એમ અહીંયા શ્રીમદ્જી કહેતા નથી. શું કહે છે ? કે *'આરંભ–પરિગ્રહને વારંવારના પ્રસંગે...'* જ્યારે પ્રસંગ પડે ત્યારે તું એમ કરજે, એમ કહે છે. તને નવરાશ મળે, નિવૃત્તિ મળે ત્યારે કલાક–બે કલાક શાસ્ત્ર લઈને બેસજે અને એ વખતે વિચાર કરજે, 'હું જ્ઞાયક આત્મા છું, દેહાદિ કોઈ સંયોગ મારા નથી.' એમ નથી કહેતા. (માત્ર) સ્વાધ્યાય કરજે – એમ કહેતા નથી. તારા પ્રસંગે તું બરાબર ઊભો રહે. એ પ્રસંગે વિચારીને પોતાપણું થતું અટકાવવું. હવે, પોતાપણું કોણ અટકાવે? (કે જે મુમુક્ષુ જાગૃત હોય તે અટકાવે).

*'આરંભ–પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે.'* આ એનું ફળ છે. જો પોતાના થતાં અટકાવે તો મુમુક્ષુતાની ભૂમિકામાં નિર્મળતા આવે છે. પોતાપણાનો રસ અથવા દર્શનમોહનો રસ મંદ પડે છે, ત્યારે જે નિર્મળતા આવે છે તે નિર્મળતા પ્રથમ જ્ઞાનમાં આવે છે. (ત્યારે) જીવ પોતાના સ્વરૂપનું યથાતથ્ય નિશ્ચયપણું કરી શકે, ભાસ્યમાનપણું કરી શકે. નહીંતર જીવ ઉઘાડ (જ્ઞાનમાં) તો સમજી લ્યે કે આત્મા આવો છે, આત્મા આવો છે. અનંતગુણનો સમૂહ છે, અસંખ્યપ્રદેશી છે, આમ છે... આમ છે... (એમ સમજી લ્યે). (પણ) એ બાબતમાં એને કંઈ (ભાસ્યમાનપણું) લાગે નહીં. કેમકે નિર્મળતા નથી. (પરપદાર્થને પોતાના થતાં અટકાવતો હોય) ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે. મુમુક્ષુતા નિર્મળ હોય, એ મુમુક્ષુ આગળ વધીને જ્ઞાનદશામાં પ્રવેશ કરી શકે. જો મુમુક્ષુતામાં જ નિર્મળતા ન હોય, મલિનતા હોય તો જ્ઞાનદશા આવવાનો અવસર નથી.

**એટલા માટે આ ખોલી–ખોલીને વાત કરે છે. પોતાની દશાને મેળવવા માટે તો બધી વાત છે. શાસ્ત્રમાં જેટલી દશા સંબંધીની વાત છે તે મેળવણી કરવા માટે છે. પોતે પોતાના આત્મલક્ષે – આત્મહિતના લક્ષે મેળવણી કરે અને પોતે જ્યાં ભૂલતો હોય ત્યાં બરાબર પોતાની practice ચાલુ કરી દે કે, આ જગ્યાએ મારી ભૂલ થાય છે, આ પ્રસંગે મારી ભૂલ થાય છે, આ કારણથી મારી ભૂલ થાય છે, આમ લાગે છે તેથી ભૂલ થાય છે. આમ સુખ લાગે છે, આમ શાંતિ લાગે છે, આમ લાભ માને છે – એમ પરિણામમાં કોઈને કોઈ પ્રકાર તો ઊભો થાય છે. એ ૩૩૨ પત્ર પૂરો થયો.**

*

(પાના નં ૦૨થી આગળ.. )

કે નહિ ? વિજ્ઞાનની દષ્ટિએ જેને વિરુદ્ધ આહાર કહીએ એ વિચાર પણ એમાંથી છૂટી જાય છે. જેટલું લેવાય એટલું (લ્યો). કેમકે જીવને તો આખું જગત ગ્રહણ કરવું છે. એની જે પરિગ્રહસંજ્ઞા છે, ગ્રહણ કરવાની સંજ્ઞા છે એ ઇચ્છામાં તો એને આખું જગત જોઈએ છે, કોઈ બાકી નથી. એટલે જેટલું વધારે મળે એટલું, જેટલું વધારે (મળે એટલું લઈ લ્યો). પીરસવાવાળા પણ આગ્રહ કરે, થોડુંક લ્યો, હજી થોડુંક લ્યો, હજી થોડુંક (લ્યો), જેટલું ખાય તો કહે, હજી થોડુંક લ્યો ! પણ વધારે પેટમાં પડે એટલે કાંઈ વધારે શરીરને પણ લાભ થતો નથી, આત્માને તો થવાનો પ્રશ્ન નથી. ઊલટાનું નુકસાન જાય છે.

અહીંયાં તો કહે છે કે, એ ઔપાધિવાળું કામ છે. આહાર લેવો, દવા લેવી, આમ તો આહાર પણ દવા જ છે ને ? એ પણ ઉપાધિવાળું કામ છે. જ્ઞાનીની તો એ ભાવના છે કે પરિપૂર્ણ નિરૂપાધિક ભાવમાં ઠરીને ઠામ થઈ જવાય, લીન થઈ જવાય, જામી જવાય એ સિવાય એને બીજું કાંઈ રુચતું નથી. કેમકે એ અશાંત પરિણામ છે, આકુળતાવાળા પરિણામ છે. ઉપાધિના પરિણામ છે એ આકુળતાવાળા પરિણામ છે અને પોતાની જાતથી વિરુદ્ધ જાતિના છે. પોતે નિરૂપાધિકસ્વરૂપે છે એની સામે એ વિરુદ્ધ જાતિના છે. એટલે પોતાના વિરોધી છે – પોતાના સ્વભાવના એ વિરોધી છે. વિચિત્રતા એ છે કે, આમ કોઈ વિરોધી હોય તો દ્વેષની નજરે જોવે. બહારમાં કોઈ વ્યક્તિ વિરોધી હોય તો એને દ્વેષની નજરે જોવે પણ પોતાના સ્વભાવની, પોતાની જાતથી વિરુદ્ધ પોતાના જ ભાવ હોય તો એને રાગ અને રુચિની નજરે જોવે ! કેવી વિચિત્રતા છે! કોઈ વિરોધીને ભેટે? આ તો એવું કરે છે. મૂળ તો એને વિરોધી લાગતો નથી. એને તો એમ છે કે, જેટલું આવે એટલું લાભમાં, જેટલું આવે એટલું લાભમાં, જેટલું મળે એટલું લાભમાં. કહે છે કે, લાભ નથી પણ એ તારા ઉપાધિના પરિણામ નુકસાન કરે છે, લાભના નથી પણ નુકસાનના છે.

(પ્રવચનાંશ... શ્રી 'બહેનશ્રીના વચનામૃત' બોલ–૫૩ શ્રી 'અધ્યાત્મ સુધા' ભાગ–૨, પાનું –૧૮૭ થી ૧૮૯)


## આભાર


'સ્વાનુભૂતિપ્રકાશ' (ફેબ્રુઆરી–૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**શ્રીમતી વર્ષાબેન હર્ષદભાઈ હેમાણી, ભાવનગર**

તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી–સીડી–૧૫–A



પ્રશ્ન :– .. ફરમાવ્યું કે બધી જવાબદારી જીવની જ છે. પોતે જ બધું કરવા જેવું છે. એ વાત તો સ્વીકારી લેવી. પણ કામ કઈ રીતે કરવું તે સમજાતું નથી અને એની મૂંઝવણ થાય છે. એટલે જ ફરી ફરીને પ્રશ્ન કરવાનું મન થાય કે કરવું છે આપણે પણ કરવું કેવી રીતે?

ઉત્તર :– કરવું કેવી રીતે એ 'ગુરુદેવે' ઘણું કીધું છે. કહેવામાં કાંઈ બાકી નથી રાખ્યું. 'ગુરુદેવે' તો ખૂબ કીધું છે કે કેવી રીતે કરવું. પોતાનો સ્વભાવ ઓળખીને કરવું. સ્વભાવ ઓળખવાથી થાય છે. ઓળખ્યા વગર થાતો નથી. અંદરથી એટલી લાગવી જોઈએ, ઓળખાણ કરવી જોઈએ. આ સ્વભાવ ચૈતન્યનો સ્વભાવ શું છે? આ જડ કાંઈ જાણતું નથી. હું જાણનારો જુદો છું. એ જાણનારને ઓળખ્યા વગર થાતું નથી. બહારથી બધું કરે પણ અંતરમાં જે ચૈતન્યસ્વરૂપ આત્માનું છે એ ઓળખાય ત્યારે થાય. તે સિવાય થાતું નથી. એ જ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. એક આત્માને ઓળખવો. બધું જાણ્યું પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું નિષ્ફળ જાય છે. એક આત્માને જાણે અને બહારનું ખાસ એને ન આવડતું હોય તો એક આત્માને જાણે તો બધું જણાય ગયું છે. આત્માને જાણે એની શ્રદ્ધા કરે, જ્ઞાન કરે એમાં લીનતા કરે તો આત્માને જાણવાથી એમાં બધું આવી જાય છે. બધું એમાં સમાય જાય છે. એની લીનતા કરતા કરતા જે જ્ઞાનસ્વભાવ પૂર્ણસ્વભાવ છે તે સ્વભાવ એમાંથી પ્રગટ થાય છે. એનું કેવળજ્ઞાન વીતરાગ સ્વભાવ એમાંથી પ્રગટ થાય છે. કે જે બહારનું બધું જાણ્યું. પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું કાંઈ સફળ નીવડતું નથી. એક આત્માને જાણે તો બધું સફળ નીવડે. આત્માનું જાણવું, આત્માની શ્રદ્ધા કરવી, આત્મામાં લીનતા કરવી. પણ એ થાય ક્યારે? કે બહારથી એને કાંઈક રસ છૂટે. આત્માનો રસ લાગે, આત્માની મહિમા લાગે, આત્માની તમન્ના લાગે, એના વિચારો કરે વારંવાર, એના વગર ચેન પડે નહિ. લગની લાગે તો થાય.

પ્રશ્ન :– 'ગુરુદેવે' માતાજી સમજણ તો કરાવી પણ રુચિ કરાવવામાં 'ગુરુદેવ'ની મદદ લીનતા કરાવવામાં...

ઉત્તર :– સમજણ કરે. રુચિ તો પોતે કરવાની રહે છે. જેને રુચિ હોય એને પોતે સમજે છે. 'ગુરુદેવે' સમજાવ્યું ઘણુંય પણ એની રુચિ પોતાને લાગવી એ તો પોતાના હાથની વાત છે. એ તો રુચિમાં નિમિત્ત હતું 'ગુરુદેવ'નું. વાણી તો પ્રબળ હતી. પણ તોપણ તૈયારી કરવાની તો પોતાને જ રહે છે. ઉપાદાનની તૈયારી તો પોતાને જ કરવાની રહે છે. ભગવાનના સમવસરણમાં જાય છે. ભગવાનની વાણીનું નિમિત્ત પ્રબળ છે. પણ તોપણ તૈયારી કરવાની તો પોતાને જ રહે છે. ઉપાદાન પોતાનું તૈયાર હોય તો ભગવાનની વાણી નિમિત્તરૂપ થાય છે. ભગવાનની વાણીનું નિમિત્ત તો પ્રબળ છે. પણ કરવાનું તો પોતાને જ રહે છે. રુચિ પણ પોતાને જ કરવાની રહે છે.

(તત્વચર્ચા નો શેષ ભાગ આવતા અંકે... )



## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી 'માર્ગદર્શન' સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પહેલાં વિકલ્પાત્મકમાં તો આ નિર્ણય કરી લ્યો કે પરિણામની અપેક્ષાએ અહીં (અંતરમાં) જ જામવાનું છે. બીજું કંઈ કરવાનું નથી. વળી તે વિકલ્પાત્મક નિર્ણયનું પણ અવલંબન ન હોવું જોઈએ, અને હું તો અપરિણામી છું – પરિણામમાં જતો જ નથી, એવો અભ્યાસ થતાં દૃષ્ટિ જામી જશે. (વિકલ્પાત્મક નિર્ણય સાચો હોવા છતાં પણ નિર્ણયરૂપ પરિણામની મુખ્યતા થવી જોઈએ નહિ; પરંતુ અપરિણામી નિજસ્વરૂપ તરફ પુરુષાર્થ તીવ્ર હોવો જોઈએ. નિર્ણય અથવા સમજ યથાર્થ હોવાથી એવા યથાર્થ પરિણામ પર વજન રહી જવાથી તે પણ ધ્રુવ સ્વભાવના અવલંબન લેવાના હેતુ પ્રતિ પ્રતિકૂળ છે. (૧૬૦)

*

ગમે તેવી પણ વાત કહેવામાં આવે, પરંતુ ત્રિકાળીની અધિકતા ક્યારેય પણ છૂટવી જોઈએ નહિ, કથન ગમે તેવા આવે પરંતુ તે વાત કાયમ રાખીને બીજી બધી વાત છે. ત્રિકાળીની અધિકતા ક્યારેય છૂટવી જોઈએ નહિ. (૧૬૩)

*

કોઈ તો ધારણા કરી રાખે છે, કોઈ ધારણા કરીને રટણ કરે છે, પરંતુ ભાઈ, ધારણા કરી કરીને તારે કોઈને દેખાડવું છે કે હું જાણકાર છું ?

પ્રશ્ન : પણ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિર્ણય માટે તો ધારણા જોઈએ ને ?


ઉત્તર : ધારણા સહજ થાય છે. હું આ ધારણા કરી લઉં એ તો બોજો ઉપાડવાનો છે. વળી ધારણા ઉપર વજન નહિ આવવું જોઈએ. ધારણા હોવી તો જોઈએ ને ! એવું વજન નહિ હોવું જોઈએ. સહજ હો. (સ્વરૂપની પ્રાપ્તિ માટે વિધિ–વિષયક જાણકારીની ધારણા થાય છે, તોપણ ધારણારૂપ વજન જાણવાવાળાના અભિપ્રાયમાં પર્યાયનો આશ્રય કરવાનો અભિપ્રાય જે અનાદિથી છે તે ચાલુ જ રહી જાય છે અને તે અંતર્મુખતા થવામાં બાધક કારણ બની જાય છે.) (૧૭૭)

*

પ્રશ્ન : ચિંતવન કરવું (જોઈએ) શું ?

ઉત્તર : ચિંતવન પણ ભઠ્ઠી લાગવી જોઈએ. તે પણ દુઃખભાવ લાગશે ત્યારે ત્યાંથી ઉઠશે. નહિ તો ત્યાંથી શા માટે ખસે ? માર્ગમાં આવે છે તો ઠીક છે, પરંતુ તેને પણ દુઃખભાવ જાણવો, તેમાં એકત્વ કરવું નહિ. ચિંતવન પણ ચિંતા છે. આકુળતા છે. ચિંતવન જ્યાંથી ઉઠે છે, તે ભૂમિમાં જામી રહો. (૧૭૮)

*



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૮૧

'સૂયગડાંગસૂત્ર'નો જોગ હોય તો તેનું બીજું અધ્યયન, તથા ઉદકપેઢાળવાળું અધ્યયન વાંચવાનો પરિચય રાખજો. તેમ જ 'ઉત્તરાધ્યયન'માં કેટલાંક વૈરાગ્યાદિક ચરિત્રવાળાં અધ્યયન વાંચતા રહેજો; અને પ્રભાતમાં વહેલા ઊઠવાનો પરિચય રાખજો; એકાંતમાં સ્થિર બેસવાનો પરિચય રાખજો; માયા એટલે જગત, લોકનું જેમાં વધારે વર્ણન કર્યું છે એવાં પુસ્તકો વાંચવા કરતાં જેમાં સત્પુરુષનાં ચરિત્રો અથવા વૈરાગ્યકથા વિશેષ કરીને રહી છે, તેવા પુસ્તકોનો ભાવ રાખજો.

*

### પત્રાંક - ૩૮૨

જે વડે વૈરાગ્યની વૃદ્ધિ થાય તે વાંચન વિશેષ કરીને રાખવું; મતમતાંતરનો ત્યાગ કરવો; અને જેથી મતમતાંતરની વૃદ્ધિ થાય તેવું વાંચન લેવું નહીં. અસત્સંગાદિકમાં રુચિ ઉત્પન્ન થતી મટાડવાનો વિચાર વારંવાર કરવો યોગ્ય છે.

*

### પત્રાંક - ૩૮૩

મુંબઈ, જેઠ, ૧૯૪૮

વિચારવાન પુરુષને કેવળ ક્લેશરૂપ ભાસે છે, એવો આ સંસાર તેને વિષે હવે ફરી આત્મભાવે કરી જન્મવાની નિશ્ચળ પ્રતિજ્ઞા છે. ત્રણે કાળને વિષે હવે પછી આ સંસારનું સ્વરૂપ અન્યપણે ભાસ્યમાન થવા યોગ્ય નથી, અને ભાસે એવું ત્રણે કાળને વિષે સંભવતું નથી.


અત્રે આત્મભાવે સમાધિ છે; ઉદયભાવ પ્રત્યે ઉપાધિ વર્તે છે.

શ્રી તીર્થંકરે તેરમા સ્થાનકે વર્તતા પુરુષનું નીચે લખ્યું છે, તે સ્વરૂપ કહ્યું છે :-

આત્મભાવને અર્થે સર્વ સંસાર સંવૃત્ત કર્યો છે જેણે, અર્થાત્ સર્વ સંસારની ઈચ્છા જેના પ્રત્યે આવતી નિરોધ થઈ છે, એવા નિર્ગ્રંથને,- સત્પુરુષને- તેરમે ગુણસ્થાનકે કહેવા યોગ્ય છે. મનસમિતિએ યુક્ત, વચનસમિતિએ યુક્ત, કાયસમિતિએ યુક્ત, કોઈ પણ વસ્તુને ગ્રહણ–ત્યાગ કરતાં સમિતિએ યુક્ત, દીર્ઘશંકાદિનો ત્યાગ કરતાં સમિતિયુક્ત, મનને સંકોચનાર, વચનને સંકોચનાર, કાયાને સંકોચનાર, સર્વ ઈંદ્રિયોના સંકોચપણે બ્રહ્મચારી, ઉપયોગપૂર્વક ચાલનાર ઉપયોગ પૂર્વક ઊભો રહેનાર, ઉપયોગપૂર્વક બેસનાર, ઉપયોગપૂર્વક શયન કરનાર, ઉપયોગપૂર્વક બોલનાર, ઉપયોગપૂર્વક આહાર લેનાર અને ઉપયોગપૂર્વક શ્વાસોચ્છ્વાસ લેનાર, આંખનું એક નિમિષમાત્ર પણ ઉપયોગરહિત ચલન ન કરનાર, કે ઉપયોગરહિત જેની ક્રિયા નથી તેવા આ નિર્ગ્રંથને એક સમયે ક્રિયા બંધાય છે, બીજે સમયે વેદાય છે, ત્રીજે સમયે તે કર્મરહિત હોય છે, અર્થાત્ ચોથે સમયે તે ક્રિયા સંબંધી સર્વ ચેષ્ટા નિવૃત્ત થાય છે. શ્રી તીર્થંકર જેવાને કેવો અત્યંત નિશ્ચળ, (અપૂર્ણ)

*

## મુનિહૃદયથી પ્રવાહિત આત્મસ્વરૂપના અમૃત...



* હે ભવ્ય! લોકમાં નમન કરવાયોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાયોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે. તેને ગમે તેમ કરીને પણ જાણ. ૧

(શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૩)

* જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસ્ય નથી. એવી વસ્તુસ્થિતિ છે. ૨

(શ્રી પૂજ્યપાદ-આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક-૩૧)

* જેઓ મોક્ષની ઈચ્છા રાખીને પરદ્રવ્યની ઉપાસના કરે છે-પરદ્રવ્યના ભક્ત અને સેવક બની તેમની જ પાછળ ડોલે છે-તે મૂઢજનો હિમવાન પર્વત પર ચઢવાની ઈચ્છા ધરાવતાં સમુદ્ર તરફ ચાલ્યા જાય છે- એમ હું માનું છું. ૩

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૫૦)

* જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, વહ મૈં હી હૂં જો કિ અવિનાશી દેવસ્વરૂપ હૂં; જો મૈં હૂં વહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઈસ પ્રકાર નિઃસંદેહ તૂ ભાવના કર. ૪

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, શ્લોક-૧૭૫)

* જે સિદ્ધભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે, કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે તે જ હું સિદ્ધ છું, શુદ્ધ છું, નિત્ય છું, એક છું અને નિરાવલંબી છું. ૫

(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૭)

* સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે, - જેમના સ્વરૂપનું સંસારી ભવ્યજીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. ૬

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૦૧)

* જો પરમાત્મા હૈ વહી મૈં હૂં તથા જો મૈં હૂં વહી પરમાત્મા હૈ - યહ સમજકર હૈ યોગીન્! અન્ય કુછ ભી વિકલ્પ મત કરો. ૭

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૨)

('પરમાગમ-ચિંતામણિ' માંથી સાભાર ઉદ્ધૃત)

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
**Title Code : GUJGUJ07425**
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1275**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur 9374825041